# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ તા ૦૭.૦૨.૨૦૧૯

----------------

## આવતીકાલે પાટણ ખાતે પ્રદેશ ભાજપાનું ત્રણ લોકસભા બેઠકનું ક્લસ્ટર સંમેલન

----------------

## પાટણ, મહેસાણા અને બનાસકાંઠા લોકસભા બેઠકના કાર્યકર્તાઓ રહેશે ઉપસ્થિત

----------------

## પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, હરિયાણાના મુખ્યમંત્રીશ્રી મનોહરલાલ ખટ્ટર, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા સહીત પ્રદેશના આગેવાનો રહેશે ઉપસ્થિત

----------------

પ્રદેશ ભાજપા મીડિયા સેલની એક અખબારી યાદી જણાવે છે કે, આવતીકાલે તારીખ ૮ ફેબ્રુઆરી, ૨૦૧૯ શુક્રવારના રોજ પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં અને હરિયાણાના મુખ્યમંત્રીશ્રી મનોહરલાલ ખટ્ટર, રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયાની ઉપસ્થિતિમાં પાટણ, મહેસાણા અને બનાસકાંઠા એમ ત્રણ લોકસભા બેઠકનું **"ક્લસ્ટર સંમેલન"** યોજાશે.

કે.સી.પટેલ સંકુલ, પાટણ ખાતે બપોરે ૨.૦૦ કલાકે કેન્દ્રિય યોજના મુજબ યોજાનારા આ બીજા ક્લસ્ટર સંમેલનમાં ત્રણ લોકસભા મતવિસ્તારના લોકસભા સીટના પ્રભારી, ઈન્ચાર્જ-સહઈન્ચાર્જશ્રીઓ, મંડલ પદાધિકારી તથા મંડલસઃ પ્રદેશ સીટના પદાધિકારીઓ, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડેલા ઉમેદવારશ્રીઓ, મંડલ મોરચાના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, શક્તિકેન્દ્રના ઈન્ચાર્જ-પ્રભારીશ્રીઓ, બોર્ડ-નિગમના પદાધિકારીઓ તથા પૂર્વ સાંસદ-ધારાસભ્યશ્રીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહેશે જેને પ્રદેશ આગેવાનો આગામી લોકસભા ચૂંટણીના સંદર્ભમાં માર્ગદર્શન આપશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ